# 7 ઉબુન્ટુ લિનક્સ GUIનો પરિચય

આપણે જોયું કે ઉપયોગકર્તાને સિસ્ટમનો ઉપયોગ કરવા ઑપરેટિંગ સિસ્ટમ બે સ્થિતિઓ (modes) પૂરી પાડે છે : કમાન્ડ લાઈન ઈન્ટરફેસ (command line interface) અને ગ્રાફિકલ યૂઝર ઈન્ટરફેસ (graphical user interface). આ પ્રકરણમાં તમને GNOME2 ડેસ્કટોપ અને તેની જુદી-જુદી પેનલથી પરિચિત કરાવવામાં આવશે. આપણે એ પણ જોઈશું કે GNOME ડેસ્કટોપનો દેખાવ આપણી અનુકૂળતા મુજબ કેવી રીતે બદલી શકાય છે.

## GNOME2 ડેસ્કટોપ (GNOME2 Desktop)

ઑપનસૉર્સ સૉફ્ટવેર ઉપયોગકર્તાની સ્વતંત્રતા અને પસંદગી માટે હોય છે. લિનક્સ પણ આમાં અપવાદ નથી. તે ઑપરેટિંગ સિસ્ટમના મોટા ભાગના ઘટકો માટે એકથી વધુ પસંદગીઓ પૂરી પાડે છે. ડેસ્કટોપ મૅનેજર અથવા તો માત્ર ડેસ્કટોપ પણ આમાં અપવાદ નથી. લિનક્સ GNOME, KDE, Unity, Xfce, LXDE અને એવા ઘણા ડેસ્કટોપ મૅનેજર પૂરા પાડે છે. આમાનાં પ્રથમ ત્રણ ડેસ્કટોપ માટે વધુ સક્ષમ ગ્રાફિક કાર્ડ ધરાવતી શક્તિશાળી સિસ્ટમની જરૂર પડે છે, જ્યારે છેલ્લા બે ડેસ્કટોપ પ્રમાણમાં ઓછી ક્ષમતા ધરાવતા મશીન દ્વારા પણ ચલાવી શકાય છે. ઉબુન્ટુ લિનક્સની આવૃત્તિ 10.10 સુધી GNOME2 (GNOMEની બીજી આવૃત્તિ) પૂર્વનિર્ધારિત ડેસ્કટોપ તરીકે ઉપલબ્ધ હતું. ઉબુન્ટુની 11.04 અને તે પછીની આવૃત્તિઓ Unity ડેસ્કટોપનો ઉપયોગ કરે છે. તમે તમારી પસંદગી મુજબના જુદા-જુદા ડેસ્કટોપ સ્થાપિત કરી શકો છો, પરંતુ અંગત કમ્પ્યૂટરના ઉપયોગકર્તાઓ માટે GNOME2 ઘણું અનુકૂળ માધ્યમ પૂરું પાડે છે.


જ્યારે GNOME2 ડેસ્કટોપ ચાલુ કરવામાં આવે ત્યારે આકૃતિ 7.1માં દર્શાવ્યા મુજબની સ્ક્રીન જોઈ શકાય છે. આ સ્ક્રીન પર મુખ્ય ત્રણ ઘટકો જોવા મળે છે : ટોપ પેનલ (સ્ક્રીનની ઉપરની બાજુએ આવેલો આડો પટ્ટો), બોટમ પેનલ (સ્ક્રીનની નીચેના ભાગમાં આવેલો આડો પટ્ટો) અને ડેસ્કટોપ (આ બે પેનલની વચ્ચેનો ભાગ). સામાન્ય રીતે, કોઈ પણ આઇકન પસંદ કરવા માટે તેના પર માઉસની ડાબી બાજુની ક્લિક આપવાની જરૂર પડે છે. પેનલમાં આવેલા સક્રીય ઘટકો (જેમકે મેનૂ, ઇન્ડિકેટર કે ઍપ્લિકેશન લૉન્ચર) પર એક ક્લિક આપવાથી તેની સાથે સંકળાયેલી પ્રક્રિયા અમલી બને છે. શૉર્ટકટ તથા નોટિલસ ફાઇલ બ્રાઉઝરમાં આવેલી પ્રોગ્રામ ફાઇલને ડબલ ક્લિક દ્વારા અમલમાં મૂકી શકાય છે. કોઈ પણ આઇકન પર રાઇટ ક્લિક કરવાથી તેના વિશિષ્ટ વિકલ્પો સાથેનું ફ્લોટિંગ મેનૂ (floating menu) જોવા મળે છે, જેને context મેનૂ તરીકે ઓળખવામાં આવે છે. થોડી વધુ વાર માટે ઘટક પર માઉસ પૉઇન્ટર રાખી મૂકવાથી (જેને હોવર - Hover તરીકે ઓળખવામાં આવે છે.) ઘણીવાર ટૂલટીપ (tool tip) નામે ઓળખાતી નાની વિન્ડો દ્વારા તે ઘટકની સંક્ષિપ્ત સમજૂતી ઉપલબ્ધ થાય છે.

## ટોપ પેનલ (The Top Panel) :

ટોપ પેનલમાં ત્રણ મેનૂ (Application, Places અને System) ધરાવતું મેનૂબાર, ઍપ્લિકેશન લૉન્ચર (Application Launcher), નોટિફિકેશન એરિયા (Notification Area) અને થોડાં એપ્લેટ જેવાં કે, સિસ્ટમ તારીખ અને સમય, "Me" મેનૂ અને સેશન મેનૂનો સમાવેશ થાય છે. ડેસ્કટોપ શરૂઆતમાં ખાલી હોય છે, પણ ઝડપથી ઉપયોગમાં લઈ શકાય તે માટે ઉપયોગકર્તા વારંવાર ઉપયોગમાં લેવામાં આવતી ફાઇલો, ફૉલ્ડર અને ઍપ્લિકેશન લૉન્ચર અહીં મૂકી શકે છે. બોટમ પેનલમાં "Show Desktop" આઇકન, હાલમાં કાર્યરત વિનિયોગની લઘુ-રજૂઆત, ડેસ્કટોપ સ્વિચર (Desktop Switcher) અને ટ્રેશ આઇકન આવેલાં હોય છે. આ તમામ ઘટકોની સમજૂતી નીચે આપવામાં આવેલી છે :

## ઍપ્લિકેશન મેનૂ (The Applications Menu) :

આકૃતિ 7.2માં દર્શાવ્યા મુજબ આ મેનૂ સિસ્ટમમાં સ્થાપિત વિનિયોગને તેના પ્રકાર મુજબ સબમેનૂમાં વહેંચીને દર્શાવે છે. કોઈ પણ વિનિયોગને મેનૂના પદાનુક્રમમાંથી પસંદ કરી ચલાવી શકાય છે.




આકૃતિ 7.1 : GNOME2 ડેસ્કટોપ





આકૃતિ 7.2 : ઍપ્લિકેશન મેનૂ

ઍપ્લિકેશન મેનૂના વિભાગો અને પૂર્વ-સ્થાપિત એવા સૉફ્ટવેર નીચે દર્શાવેલા છે :

- **Accessories :** આ સબમેનૂમાં સાદી તથા વૈજ્ઞાનિક ગણતરીઓ કરી શકાય તે માટે calculator, CD/DVD ડિસ્ક પર માહિતીનો સંગ્રહ કરવા માટે CD/DVD creator, ડિરેક્ટરી પ્રમાણે કે ફાઈલના પ્રકાર પ્રમાણે ડિસ્કના ઉપયોગનું પૃથક્કરણ કરવા માટે Disk Usage Analyzer, પ્લેઇન ટૅક્સ્ટ ફાઇલ (ફૉર્મેટિંગ વગર)ની રચના કરવા તથા સુધારવા માટે gedit ટૅક્સ્ટ ઍડિટર, છાપકામ માટે રજૂ કરવામાં આવેલાં કાર્યોનું સંચાલન કરવા માટે Manage Print Jobs, વર્તમાન સ્ક્રીનના દેખાવની નકલ કરી ચિત્રફાઇલ બનાવવા માટે Take Screenshot, CLIનો ઉપયોગ કરવા માટે Terminal અને યુક્તિઓ તથા વિચારોને શોધી તથા વ્યવસ્થિત નોંધ કરી શકાય તે માટેની નોટબુક બનાવવા Tomboy Notesનો સમાવેશ કરવામાં આવે છે.
- **Games :** મનોરંજન માટે રમાતી કેટલીક કમ્પ્યૂટર રમતોનો સમાવેશ આ સબમેનૂમાં કરવામાં આવ્યો છે.
- **Graphics :** આ સબમેનૂમાં ડિજિટલ કૅમેરા કે મોબાઇલ ફોનના કૅમેરાથી લીધેલી તસવીરોની ગોઠવણી કરવા માટે F-Spot Photo Manager, ચિત્રોને સુધારવા માટે GIMP Image Editor, સરળ ચિત્રો દોરવા માટે OpenOffice.org Draw તથા સ્કેનરનો ઉપયોગ કરીને દસ્તાવેજો સ્કેન કરવા માટે Simple Scanનો સમાવેશ કરવામાં આવે છે.
- **Internet :** આ સબમેનૂમાં ઇન્ટરનેટ દ્વારા અન્ય વ્યક્તિઓ સાથે ચેટ કરી શકાય તે માટે Empathy IM client, વર્લ્ડવાઇલ્ડ વેબનો ઉપયોગ કરવા માટે Mozilla FireFox વેબબ્રાઉઝર, ફેસબુક અને ટ્વીટર જેવી સોશિયલ નેટવર્કિંગ વેબસાઇટનો ઉપયોગ કરવા માટે Gwibber Social Client તથા અન્ય ઉપયોગકર્તાના ડેસ્કટોપ સ્ક્રીનનું નિયંત્રણ કરવા માટેના સૉફ્ટવેરનો સમાવેશ કરવામાં આવે છે.
- **Office :** નામ દર્શાવે છે તે મુજબ, આ સબમેનૂના પ્રોગ્રામ કોઈ પણ કાર્યાલયમાં કરવામાં આવતાં કાર્યો માટેની સુવિધા પૂરી પાડે છે. તેમાં ઑનલાઇન શબ્દકોશ; સહકર્મચારી કે ગ્રાહકો વગેરે સાથે વહેંચી શકાય તે પ્રકારનું કૅલેન્ડર અને ઈ-મેઇલનો ઉપયોગ કરવા માટે ઈ-મેઇલ ક્લાયન્ટ Evolution સમાવિષ્ટ છે. તદુપરાંત શબ્દપ્રક્રિયા માટે Writer, વિસ્તારપત્રક માટે Cals અને પ્રસ્તુતિ માટે Impressનો સમાવેશ કરતા OpenOffice.org સ્યૂટ જેવા ઑપનસૉર્સ ઑફિસ પૅકેજના નિ:શુલ્ક વિનિયોગો પણ આપવામાં આવેલ છે.
- **Sound and Video :** આ સબમેનૂમાં મનોરંજન માટે નિર્મિત વિનિયોગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદુપરાંત આમાં CD અને DVD ડિસ્ક પર લખવા માટે (બર્નિંગ) Brasero Disk Burner, કમ્પ્યૂટર પર મૂવી ચલાવવા માટેનું Movie Player, વીડિયો સુધારનાં થોડાં મૂળભૂત કાર્યો કરી શકાય તે માટે Pitivi video editor, સંગીત વગાડવા માટે Rhythmbox Music Player અને માઇક્રોફોન ધરાવતા ઉપયોગકર્તાઓ માટે ધ્વનિ-મુદ્રણ કરી શકાય તે માટે Sound Recorderનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- **Ubuntu Software Center :** જો ઉપયોગકર્તા પૂર્વ-પ્રસ્થાપિત વિનિયોગથી સંતુષ્ટ ન હોય તો કેનોનિકલ લિ., તેના ભાગીદારો અને સભ્યો, ડેબિયન પ્રૉજેક્ટ (જેના પર ઉબુન્ટુ આધારિત છે) તથા અન્ય કમ્યૂનિટી અને સંસ્થાઓએ હજારો સૉફ્ટવેર બનાવેલાં છે. (જેમાંનાં મોટા ભાગના નિ:શુલ્ક છે, પરંતુ કેટલાંક ચુકવણીપાત્ર પણ હોય છે). આ વિકલ્પ દ્વારા અભ્યાસ અને રમત-ગમત બંને માટેના વિનિયોગોનો ઉપયોગ કરી શકાય છે.

## Places મેનૂ (The Places Menu)

આકૃતિ 7.3માં દર્શાવ્યા મુજબ, આ મેનૂ ઉપયોગકર્તાના કમ્પ્યૂટર કે તેની સાથે સંલગ્ન અન્ય કમ્પ્યૂટરમાં આપેલ સ્ટોરેજ સાધનોનો ઉપયોગ કરવામાં સહાયભૂત બને છે.




**આકૃતિ 7.3 : Places મેનૂ**

Places menuના સબમેનૂ નીચે દર્શાવેલ છે :

- **Home Folder :** આ વિકલ્પ પર ક્લિક આપવાથી હાલમાં લોગિન થયેલ ઉપયોગકર્તાની હોમ ડિરેક્ટરી નોટિલસ ફાઇલ બ્રાઉઝર નામના પ્રોગ્રામમાં ખૂલે છે. હવે પછીના પ્રકરણમાં આ બ્રાઉઝર વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે.
- **Desktop :** આ વિકલ્પ પર ક્લિક આપવાથી ઉપયોગકર્તાના ડેસ્કટોપ ફોલ્ડરને નોટિલસ ફાઇલ બ્રાઉઝર નામના પ્રોગ્રામમાં ખોલી શકાય છે. આ ફોલ્ડર ઉપયોગકર્તાની હોમ ડિરેક્ટરીની અંદર આવેલું હોય છે. અહીં મૂકવામાં આવેલી કોઈ પણ ફાઇલ ઉપયોગકર્તાના ડેસ્કટોપ પર જોઈ શકાય છે અને ઉપયોગકર્તાના ડેસ્કટોપ પર મૂકવામાં આવેલી કોઈ પણ ફાઇલનો સંગ્રહ આ ફોલ્ડરમાં કરવામાં આવે છે.
- **Documents :** ઉપયોગકર્તાના અંગત દસ્તાવેજોનો સંગ્રહ કરવા માટે આપવામાં આવેલું આ ફોલ્ડર પણ ઉપયોગકર્તાની હોમ ડિરેક્ટરીમાં આવેલું હોય છે.
- **Music :** ઉપયોગકર્તાની હોમ-ડિરેક્ટરીમાં આવેલા આ ફોલ્ડરનો ઉપયોગ સંગીતને લગતી ફાઇલોના સંગ્રહ માટે કરવામાં આવે છે.
- **Pictures :** ઉપયોગકર્તાની હોમ-ડિરેક્ટરીમાં આવેલા આ ફોલ્ડરનો ઉપયોગ ચિત્રોના સંગ્રહ માટે કરવામાં આવે છે.
- **Videos :** ઉપયોગકર્તાની હોમ-ડિરેક્ટરીમાં આવેલા આ ફોલ્ડરમાં વીડિયો ફાઇલનો સંગ્રહ કરવામાં આવે છે.
- **Downloads :** ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવામાં આવેલી ફાઇલોનો સંગ્રહ પૂર્વનિર્ધારિત રીતે આ ફોલ્ડરમાં કરવામાં આવે છે. જરૂર લાગે તો આ વ્યવસ્થા સરળતાથી બદલી પણ શકાય છે.
- **Computer :** આ વિકલ્પ કમ્પ્યૂટરમાં આપેલા તમામ સ્થાયી અને રિમૂવેબલ (removable) સ્ટોરેજ સાધનો દર્શાવે છે.
- **Network :** આ વિકલ્પ એક જ નેટવર્કમાં જોડેલા ઉબુન્ટુ કે વિન્ડોઝ ઑપરેટિંગ સિસ્ટમ ધરાવતા તમામ કમ્પ્યૂટરો દર્શાવે છે. જો આમાનાં કેટલાક કમ્પ્યૂટરોમાં વહેંચણીનો વિકલ્પ (sharing) ઉપલબ્ધ હોય, તો આપણા અને અન્ય કમ્પ્યૂટર વચ્ચે સરળતાથી ફાઇલનું સ્થાનાંતર કરી શકાય છે.

- **Connect to Server... :** યુનિક્સ કે તેના જેવી અથવા વિન્ડોઝ ઑપરેટિંગ સિસ્ટમ ચલાવતા જુદા-જુદા પ્રકારનાં સક્ષમ સર્વર કમ્પ્યૂટરો સાથે જોડાણ કરવા માટે આ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. નેટવર્કનાં તમામ કમ્પ્યૂટરોને કેટલીક સામાન્ય સેવાઓ પૂરી પાડવા માટે વિશાળ સંસ્થાઓ સર્વર કમ્પ્યૂટરનો ઉપયોગ કરે છે.
- **Search for Files... :** કઈ ડિરેક્ટરીમાં ફાઇલનો સંગ્રહ કર્યો છે તે ઉપયોગકર્તા ભૂલી ગયો હોય તેવા કિસ્સામાં ફાઇલનું નામ જણાવી તે શોધવા માટે આ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.
- **Recent Documents :** આ સબમેનૂ હાલમાં જ ખોલવામાં આવેલી ફાઇલોની યાદી દર્શાવે છે. હાલમાં ખોલવામાં આવી હોય તેવી ફાઇલને ડિરેક્ટરીના માળખામાં પ્રવેશ્યા સિવાય પણ અહીંથી ઘણી ઝડપથી ફરી ખોલી શકાય છે. ઉપયોગકર્તા ભૂલી ગયો હોય કે તેણે તાજેતરની ફાઇલનો ક્યાં સંગ્રહ કર્યો છે, તેવા સંજોગોમાં અથવા તો તેની પાસે એક જ ફાઇલની અલગ આવૃત્તિઓ જુદી-જુદી ડિરેક્ટરીમાં સંગૃહીત હોય અને તેમાંથી અંતિમ આવૃત્તિ ખોલવાની હોય ત્યારે આ સુવિધા ઘણી ઉપયોગી નીવડે છે.
- **Bookmarks :** નોટિલસ ફાઇલ બ્રાઉઝરમાં બનાવવામાં આવેલા બુકમાર્કનો સંગ્રહ પણ Places મેનૂમાં કરવામાં આવે છે. જો બુકમાર્કની સંખ્યા ઓછી હોય, તો તે સીધા જ Places મેનૂમાં દર્શાવવામાં આવે છે, અન્યથા Bookmarks નામના મેનૂમાં જૂથ સ્વરૂપે તેમનો સંગ્રહ કરવામાં આવે છે. વારંવાર ઉપયોગમાં લેવામાં આવતી હોય તેવી ડિરેક્ટરીઓનો ઝડપથી ખોલવા માટે બુકમાર્ક ઘણું ઉપયોગી છે.
- **Removable Devices and Discovered Partitions :** લિનક્સની ફાઇલ સિસ્ટમ ધરાવતું હોય તે સિવાયનું કોઈ પણ હાર્ડડિસ્કનું કોઈ પાર્ટિશન, જો બૂટ પ્રક્રિયા દરમિયાન શોધી શકાય તો તેને Places મેનૂમાં યાદીસ્વરૂપે દર્શાવવામાં આવે છે. કોઈ પણ પાર્ટિશનને ખોલવામાં આવે તો તે આપોઆપ પ્રસ્થાપિત થઈ જાય છે. આવી જ રીતે, કોઈ પણ રિમૂવેબલ સાધન (CD/DVD/ફ્લેશ ડિસ્ક/ઍક્સ્ટર્નલ ડિસ્ક) જ્યારે આપણે કમ્પ્યૂટર સાથે જોડીએ છીએ, ત્યારે તે આપોઆપ પ્રસ્થાપિત થઈ Places મેનૂમાં જોવા મળે છે.

## સિસ્ટમ મેનૂ (The System Menu) :

આકૃતિ 7.4માં દર્શાવવામાં આવેલ આ મેનૂ ઉપયોગકર્તાને ઉબુન્ટુના પ્રસ્થાપનને વધુ અનુકૂળ રીતે ગોઠવવા (customize)ની તથા સિસ્ટમના વ્યવસ્થાપનની સુવિધા આપે છે. આ મેનૂમાં Preferences અને Administration નામના બે સબમેનૂ આવેલા છે અને અન્ય ત્રણ વિકલ્પો પણ ઉપલબ્ધ છે.




**આકૃતિ 7.4 : સિસ્ટમ મેનૂ**


## Preferences મેનૂ (Preferences Menu) :

આકૃતિ 7.5માં દર્શાવવામાં આવેલા Preferences સબમેનૂમાં સિસ્ટમને આપણી જરૂરિયાત મુજબ ગોઠવવા માટેના જુદા-જુદા વિકલ્પો આપવામાં આવ્યા છે. આમાંના કેટલાક વિકલ્પોની ચર્ચા નીચે કરવામાં આવી છે :

- **About Me :** હાલમાં લૉગિન થયેલા ઉપયોગકર્તાને તેની પ્રોફાઇલ (અંગત માહિતી) જોવા તથા સુધારવાની સુવિધા આપે છે.
- **Appearance :** ડેસ્કટોપના બૅકગ્રાઉન્ડમાં રહેલા ચિત્ર, કે જેને વૉલપેપર પણ કહેવામાં આવે છે, તેને બદલવાની, જુદા જુદા વિભાગો માટે પૂર્વનિર્ધારિત ફૉન્ટ કે કદ નિશ્ચિત કરવાની તેમજ થીમ (Theme) પસંદ કરવાની સુવિધા આ વિકલ્પ પૂરી પાડે છે. થીમને પસંદ કરી તેનો અમલ કરવાથી ડેસ્કટોપ, વૉલપેપર, ફૉન્ટ, રંગ અને વિન્ડોઝના ઘટકોના દેખાવની સુસંગત ગોઠવણ પણ થઈ શકે છે.

પહેલેથી આપવામાં આવેલી થીમ ઉપરાંત વધુ થીમ ઑનલાઇન ઉપલબ્ધ હોય છે. અહીં Visual Effects માટેનો એક વિભાગ પણ આવેલો છે. તેમાં દ્રશ્યમાન અસરો માટેના ત્રણ સ્તર પૂરા પાડવામાં આવ્યા છે : none, normal અને extra. આમાં none પૂર્વનિર્ધારિત છે. સિસ્ટમની ગ્રાફિક-ક્ષમતા અનુસાર અન્ય બંને વિકલ્પો ઉપલબ્ધ બની શકે છે. અથવા ગ્રાફિક-ક્ષમતાના અભાવે આ વિકલ્પ ઉપલબ્ધ ન બનવાની શક્યતા પણ રહેલી છે. ઉચ્ચસ્તરની સંરચનાથી વ્યાપક શ્રેણીમાં દ્વિ અને ત્રિ-પરિમાણીય દર્શનીય પ્રભાવ મેળવી શકાય છે.

- **Assistive Technologies :** આ વિકલ્પ શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ કમ્પ્યૂટરનો ઉપયોગ કરી શકે તે માટેના વિશિષ્ટ પ્રોગ્રામ અને સંરચના પૂરી પાડે છે.
- **Main Menu :** મેનૂમાં કયા વિકલ્પો દર્શાવવા જોઈએ અને કયા વિકલ્પો દર્શાવવાના નથી તે આ વિકલ્પ દ્વારા નક્કી કરવામાં આવે છે. પર્યાપ્ત જ્ઞાન ધરાવતા ઉપયોગકર્તાઓ મેનૂમાં ઘટકોને ઉમેરી કે બદલી શકે છે.
- **Monitors :** ડિસ્પ્લે રેઝોલ્યુશન એટલે કે એક હારમાં આવેલા પિક્સેલ (pixel)ની સંખ્યા અને આવી કુલ હારની સંખ્યા જેવા મોનિટરના વિકલ્પોની ગોઠવણી માટે આ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.
- **Mouse Preferences :** માઉસની ગોઠવણીને સુનિયોજિત કરવા માટે આ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.
- **Network Connections and Network Proxy :** નેટવર્કની સંરચના આ વિકલ્પ દ્વારા પૂરી પાડવામાં આવે છે.
- **Power Management :** કમ્પ્યૂટરમાં વપરાતી વિદ્યુતની બચત તથા વાતાવરણની સુરક્ષા માટેના વિકલ્પોની વ્યવસ્થા આ વિકલ્પ દ્વારા પૂરી પાડવામાં આવે છે. કમ્પ્યૂટર નિશ્ચિત સમય સુધી ઉપયોગમાં લેવામાં ન આવે તો તેનું ડિસ્પ્લે બંધ કરી શકાય અથવા તો સિસ્ટમને હાઈબરનેટ/સ્લીપ અવસ્થામાં લઈ જઈ શકાય તેવી વ્યવસ્થા આ વિકલ્પ દ્વારા કરી શકાય છે. બૅટરી દ્વારા સંચાલિત લૅપટોપ કમ્પ્યૂટર કે UPS દ્વારા સંચાલિત ડેસ્કટોપ કમ્પ્યૂટરનો વિદ્યુતપુરવઠો કટોકટીરૂપ હોય ત્યારે આ વિકલ્પો દ્વારા તેના ઉપાયો યોજી શકાય છે.




આકૃતિ 7.5 : Preferences મેનૂ

- **Preferred Applications :** લિનક્સમાં સામાન્ય કાર્યો માટે અનેક વિનિયોગની પસંદગી ઉપલબ્ધ હોવાથી આ વિકલ્પ ઉપયોગકર્તાને ઈન્ટરનેટ અને મલ્ટીમીડિયાનાં કાર્યો માટે મનપસંદ વિનિયોગો પસંદ કરવાની તક આપે છે.
- **Remote Desktop :** આ વિકલ્પ ઉપયોગકર્તાને તેમનું ડેસ્કટોપ અન્ય ઉપયોગકર્તા સાથે વહેંચવાની (share) સુવિધા પૂરી પાડે છે. આમ કરવાથી બંને ઉપયોગકર્તાઓને ડેસ્કટોપ સતત અદ્યતન અવસ્થામાં જોવા મળે છે. બેમાંથી કોઈ પણ ઉપયોગકર્તા પોતાના ડેસ્કટોપ પર કોઈ પણ કાર્ય કરે – જેમ કે, માઉસ ડ્રેગ કરે કે કોઈ કી દબાવે તો તેની અસર બંને ડેસ્કટોપ પર જોવા મળે છે. આ સુવિધા ઘણી ઉપયોગી સાબિત થઈ શકે છે, જેમ કે કોઈ કર્મચારી પોતાના ઘરે રહીને કાર્યાલયના કમ્પ્યૂટર પર કાર્ય કરી શકે છે. તદુપરાંત આ સુવિધાના ઉપયોગથી કમ્પ્યૂટરના કાર્યોના જીવંત પ્રદર્શન (Live demonstration) માટે કે કોઈ મુશ્કેલીના નિવારણ માટે ઉપયોગકર્તાના કમ્પ્યૂટરનું સંચાલન પણ નિષ્ણાતને સોંપી શકાય છે. આની સાથે જ કમ્પ્યૂટરના અનધિકૃત ઉપયોગને રોકવા માટેની યોગ્ય સુરક્ષા પણ નિશ્ચિતપણે સંકળાયેલી જોવા મળે છે.

- **Screensaver :** જૂનાં મૉનિટરોમાં લાંબા સમય સુધી તેજસ્વી પિક્સેલને એક જ સ્થાને દર્શાવ્યા કરવાથી કાયમી નુકસાન થવાની શક્યતા રહેલી છે. આવા નુકસાનથી બચવા માટે ડિસ્પ્લેને સતત બદલતા રહેવામાં આ વિનિયોગ મદદરૂપ બને છે. જ્યારે નિશ્ચિત સમય સુધી ઉપયોગકર્તા કમ્પ્યૂટર પર કોઈ ક્રિયા ન કરે ત્યારે આ વિનિયોગ આપોઆપ શરૂ કરવામાં આવે છે. અદ્યતન કમ્પ્યૂટરોમાં આ તકલીફ ન હોવા છતા સ્ક્રીનસેવરને તેની દર્શનીય સુસજ્જતા (visual appeal)ને કારણે અને કમ્પ્યૂટરના કાર્યની સ્થગિતતા તરફ ઉપયોગકર્તાનું ધ્યાન દોરવા માટે આજે પણ ઉપયુક્ત માનવામાં આવે છે.
- **Sound :** ધ્વનિનું સ્તર નક્કી કરવા માટે તથા અન્ય ધ્વનિ સંબંધિત ઇનપુટ/આઉટપુટ સંબંધિત વિકલ્પોનો ઉપયોગ કરવા આ વિકલ્પ ઉપયોગી બને છે.
- **Startup Applications :** આ વિકલ્પ કમ્પ્યૂટર શરૂ કરવામાં આવે ત્યારે આપોઆપ કયા પ્રોગ્રામ કાર્યાન્વિત થવા જોઈએ તેનું નિયંત્રણ કરે છે. જો કમ્પ્યૂટર શરૂ થતી વખતે વધારે સમય લેતું હોય તો સ્ટાર્ટઅપ ઍપ્લિકેશન તપાસી બિનજરૂરી પ્રોગ્રામ દૂર કરી શકાય છે. જોકે, કેટલીક જરૂરી સેવાઓ માટેના પ્રોગ્રામ બંધ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું પણ જરૂરી છે.
- **Ubuntu One :** આ કેનોનિકલ સંસ્થાના ક્લાઉડ (ઇન્ટરનેટ) સંગ્રાહક માટેનો ઉકેલ છે. તે સંગીત ખરીદીને ફાઇલોને કેનોનિકલના સર્વર કમ્પ્યૂટર પર મૂકવાની સુવિધા પૂરી પાડે છે. ઇન્ટરનેટનું જોડાણ ઉપલબ્ધ હોય તો ઉબુન્ટુ કમ્પ્યૂટર દ્વારા દુનિયાના કોઈ પણ સ્થાનેથી તેનો ઉપયોગ કરી શકાય છે.
- **Windows :** આ પ્રોગ્રામ દ્વારા પ્રોગ્રામ-વિન્ડો માટેના સાદા વિકલ્પોની સંરચના કરી શકાય છે. વિશેષ કરીને, વિન્ડોના ટાઇટલ બાર પર ક્લિક આપવાથી કઈ ક્રિયા થવી જોઈએ તે પસંદ કરી શકાય છે. આ ઉપરાંત તેમાં અનેક વિકલ્પો ઉપલબ્ધ છે, જેમકે, વિન્ડોને મૅક્સિમાઇઝ કરવી, વિન્ડોને શિરોલંબ (vertically) મૅક્સિમાઇઝ કરવી (એટલે કે વિન્ડોની પહોળાઈ પૂર્વવત્ રહે અને તે આખી સ્ક્રીનની ઊંચાઈ પ્રાપ્ત કરે), વિન્ડોને સમક્ષિતિજ (horizontally) મૅક્સિમાઇઝ કરવી (એટલે કે વિન્ડોની ઊંચાઈ પૂર્વવત્ રહે અને તે આખી સ્ક્રીનની પહોળાઈ પ્રાપ્ત કરે) વગેરે.

## ઍડમિનિસ્ટ્રેશન મેનૂ (Administration Menu) :

સિસ્ટમના નિયંત્રણ અને સંચાલન માટેના જુદા-જુદા વિકલ્પો પૂરું પાડતું Administration સબમેનૂ આકૃતિ 7.6માં દર્શાવેલ છે. આ સબમેનૂમાં અનેક મહત્ત્વપૂર્ણ વિકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાંના કેટલાક આ પ્રમાણે છે : disk utility (ડિસ્ક અને તેના પાર્ટિશન જોવા, ડિસ્ક પાર્ટિશનની રચના કરવા કે દૂર કરવા, તેને સુધારવા કે ફૉર્મેટ કરવા, ફાઇલ સિસ્ટમને પ્રસ્થાપિત (mount) કે વિસ્થાપિત (unmount) કરવા વગેરે માટેનું ગ્રાફિકલ સૉફ્ટવેર), Language Support (સિસ્ટમમાં ભારતીય તથા અન્ય ભાષાઓ માટેના સમર્થન ઉમેરવાની પરવાનગી આપે છે), Printing (પ્રિન્ટ જૉબ નિયંત્રિત કરવા), Software Sources (સૉફ્ટવેરની પ્રસ્થાપના માટે ઇન્ટરનેટ પરના સંગ્રાહક (repository)ની સંરચના કરવા), Synaptic Package Manager (સૉફ્ટવેરની પ્રસ્થાપના કે વિસ્થાપના કરવા), Startup Disk Creator (કમ્પ્યૂટર ચાલુ કરી શકાય તેવી -bootable ફ્લેશ ડિસ્ક કે પેનડ્રાઇવ બનાવવા), Time and Date (સિસ્ટમ તારીખ, સમય અને ટાઇમ ઝોનની માહિતી ગોઠવવા), Update Manager (હાલમાં સ્થાપિત કરવામાં આવેલ સૉફ્ટવેરની અંતિમ આવૃત્તિ મેળવવા માટે) અને Users and Groups (કમ્પ્યૂટર પર ઉપયોગકર્તા અને તેમના જૂથનું સંચાલન કરવા માટે).





આકૃતિ 7.6 : ઍડમિનિસ્ટ્રેશન મેનૂ

- **Help and Support :** આ વિકલ્પ ઉબુન્ટુનો ઉપયોગ શરૂ કરવા માટેની મૂળભૂત માહિતી ધરાવતું દસ્તાવેજીકરણ પૂરું પાડે છે.
- **About GNOME :** આ વિકલ્પ ઉપયોગમાં લેવામાં આવેલા GNOME ડેસ્કટોપની આવૃત્તિ તથા અન્ય વિગતો દર્શાવે છે.
- **About Ubuntu :** આ વિકલ્પ ઉપયોગમાં લેવામાં આવેલા ઉબુન્ટુની આવૃત્તિ તથા કેટલીક પરિચયાત્મક નોંધ દર્શાવે છે.

### ઍપ્લિકેશન લૉન્ચર (The Application Launchers) :

જે વિનિયોગનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો હોય તે વિનિયોગને દર વખતે નવેસરથી શરૂ કરવા માટે પદાનુક્રમિત મેનૂ-માળખામાં પ્રવેશી તેને શોધવાનું કાર્ય કંટાળાજનક હોય છે. આવા વારંવાર ઉપયોગમાં લેવાતા વિનિયોગને ઍપ્લિકેશન લૉન્ચર સ્વરૂપે મૂકવા માટે ટોપ પેનલના મેનૂ અને નોટિફિકેશન વિસ્તારની વચ્ચેના ભાગનો ઉપયોગ કરી શકાય છે. પેનલમાં આ લૉન્ચર્સને નાના આઇકન સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. આ સ્થાને બે લૉન્ચર્સ પૂર્વનિર્ધારિત છે – મૉઝિલા ફાયરફૉક્સ વેબ બ્રાઉઝર અને ઉબુન્ટુનો સહાયક આંતરસ્થાપિત પ્રોગ્રામ. ટોપ પેનલમાં ઍપ્લિકેશન લૉન્ચર ઉમેરવા માટેની બે રીત છે. પ્રથમ રીત અનુસાર Application મેનૂના પદાનુક્રમમાંથી જે-તે પ્રોગ્રામ સુધી પહોંચી, તેની પર રાઇટ ક્લિક આપી "Add this launcher to panel" વિકલ્પ પસંદ કરી શકાય છે. બીજી રીતમાં ટોપ પેનલના ખાલી વિસ્તારમાં રાઇટ ક્લિક આપી, "Add to panel..." વિકલ્પ પસંદ કરી, પહેલેથી નિયુક્ત કરવામાં આવેલા લૉન્ચરમાંથી એકની પસંદગી કરવામાં આવે છે. મેનૂના પદાનુક્રમમાંથી "Application Launcher..." વિકલ્પની મદદથી વિનિયોગ પસંદ કરી શકાય છે, જ્યારે "Custom Application Launcher" વિકલ્પ દ્વારા ઉપયોગકર્તા તેના પોતાના લૉન્ચરની રચના પણ કરી શકે છે.

જ્યારે "Custom Application Launcher", પસંદ કરવામાં આવે ત્યારે, આકૃતિ 7.7માં દર્શાવવામાં આવેલું ડાયલૉગ બૉક્સ જોવા મળે છે. લૉન્ચરના પ્રકાર માટે ત્રણ વિકલ્પ પૂરા પાડવામાં આવે છે : Application (GUI વિનિયોગ), Application in Terminal (CLI કે GUI વિનિયોગ, જેને શરૂઆતમાં ટર્મિનલ વિન્ડોમાં ખોલવો જરૂરી હોય) અને Location. લૉન્ચર માટે ઍપ્લિકેશનની રચના કરવા તે ઍપ્લિકેશનને અમલ કરી શકાય તે પ્રકારની - ઍક્ઝિક્યુટેબલ ફાઇલની જરૂર પડે છે.





**આકૃતિ 7.7 : Custom Launcher ની રચના**

ફાઇલને પસંદ કરવા માટે "Command" ફિલ્ડમાં નામ ટાઇપ કરી શકાય છે અથવા "Browse..." બટનનો ઉપયોગ કરી શકાય છે. Browse બટન દ્વારા આકૃતિ 7.8માં દર્શાવ્યા પ્રમાણે પ્રમાણભૂત ફાઇલોની પસંદગી માટેનું ડાયલૉગબૉક્સ રજૂ કરવામાં આવે છે, જેનો ઉપયોગ હવે પછીના પ્રકરણમાં સમજાવવામાં આવેલા નોટિલસ ફાઇલ બ્રાઉઝરને મળતો આવે છે. આ જ પ્રમાણે ફાઇલ સિસ્ટમ પદાનુક્રમમાં કોઈ સ્થાન (ફાઇલ) માટેનું લૉન્ચર પણ બનાવી શકાય છે.


વૈકલ્પિક રીતે, લૉન્ચરનું નામ અને સમજૂતી પૂરી પાડવા માટે "Name" અને "Comment" ફિલ્ડનો ઉપયોગ કરી શકાય છે. નવા લૉન્ચર સાથે જોડાયેલા આઇકન માટે અન્ય ચિત્રની પસંદગી ડાયલૉગ બૉક્સમાં આવેલા આઇકન પર ક્લિક

આપી કરી શકાય છે. /user/share/icons ડિરેક્ટરીમાં આવેલી સબડિરેક્ટરીમાં મોટા ભાગના મૂળભૂત આઇકન મેળવી શકાય છે. તેના વિકલ્પ તરીકે કોઈ પણ નાના ચિત્રને પસંદ કરી આઇકન સ્વરૂપે મૂકી શકાય છે. તદુપરાંત આઇકન બનાવવા માટે GIMP નામના ચિત્ર બનાવવા કે સુધારવા માટેના પ્રોગ્રામનો ઉપયોગ પણ કરી શકાય છે. GIMP પ્રોગ્રામની ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.




આકૃતિ 7.8 : ફાઈલ પસંદ કરવા માટેનો ડાયલોગબૉક્સ

જો ટોપ પેનલમાં વધુ પ્રમાણમાં લૉન્ચર્સ મૂકેલાં હોય, તો "Add to panel..."ની યાદીમાં ઉપલબ્ધ એવા એક કે વધુ 'સેપરેટર' પણ ઉમેરવા જોઈએ. આમ કરવાથી લૉન્ચર્સને જૂથમાં વહેંચી દર્શનીય રીતે જુદા જુદા ભાગમાં નિહાળી શકાય છે. આ ઘટકો પેનલમાં એક ઊભા પટ્ટા (vertical bar) સ્વરૂપે દેખાય છે. લૉન્ચર્સની પેનલમાં ફેરગોઠવણી "drag અને drop" ક્રિયા દ્વારા ઘણી સરળતાથી કરી શકાય છે. આ માટે પ્રથમ માઉસ પૉઈન્ટરને જે-તે ઘટક પર સ્થાયી કરી, માઉસનું ડાબી બાજુનું બટન દબાવી રાખી, માઉસને ખસેડીને નિર્ધારિત જગ્યાએ લઈ જઈ, અંતે બટન છોડી દેવામાં આવે છે. ડ્રેગ અને ડ્રૉપ ક્રિયા દ્વારા અકસ્માતે ખસી ન જાય તે માટે તેને તેના સ્થાન પર 'લૉક' પણ કરી શકાય છે. આ માટે લૉન્ચર પર રાઈટ ક્લિક કરી, ખૂલતા કન્ટેક્સ્ટ મેનૂમાંથી "Lock To Panel" વિકલ્પ પસંદ કરવામાં આવે છે. આ વિકલ્પની બાજુમાં રહેલી ખરાની નિશાની (checkmark) દર્શાવે છે કે લૉન્ચર હાલમાં 'લૉક' સ્થિતિમાં છે. ફરી મેનૂ ખોલી, એ જ વિકલ્પ પર ક્લિક આપવાથી લૉન્ચરનું લૉક દૂર કરી શકાય છે. આ જ કન્ટેક્સ્ટ મેનૂમાં આવેલા "Remove From Panel" વિકલ્પ દ્વારા લૉન્ચરને પેનલમાંથી દૂર કરી શકાય છે. કેટલાક ઍપ્લિકેશન લૉન્ચર અને સેપરેટર ઉમેર્યા બાદ ટોપ પેનલનો દેખાવ આકૃતિ 7.9માં દર્શાવ્યો છે.




આકૃતિ 7.9 : કેટલાક ઍપ્લિકેશન લૉન્ચર સાથે ટોપ પેનલની ડાબી બાજુનું દૃશ્ય

આકૃતિ 7.10માં ઇન્ડિકેટર ઍપ્લેટ, Me મેનૂ અને Session મેનૂ સાથેનું ટોપ પેનલની જમણી બાજુનું દૃશ્ય દર્શાવેલું છે.




**આકૃતિ 7.10 : ટોપ પેનલની જમણી બાજુનું દશ્ય**

આ બંને દશ્યો કમ્પ્યૂટરમાં કરવામાં આવેલી સંરચનાને આધારે જુદા-જુદા હોઈ શકે છે. હવે આપણે ટોપ પેનલની જમણી બાજુ આવેલા ઘટકો વિશે ચર્ચા કરીશું.

**નોટિફિકેશન એરિયા (The Notification Area) :** પૂર્વનિર્ધારિત રીતે આ વિસ્તારમાં કેટલાક 'ઇન્ડિકેટર ઍપ્લેટ્સ' (નાના પ્રોગ્રામ) આવેલા હોય છે. સ્પીકરનું આઇકન ધરાવતા sound ઍપ્લેટ દ્વારા ધ્વનિનું સ્તર નિયંત્રિત કરી શકાય છે તથા ધ્વનિને સત્વરે બંધ (mute) કે ચાલુ (unmute) કરી શકાય છે.

તેના પછી આવેલું પરબીડિયા (Envelop)નું આઇકન Evolution એક Personal Information Management (PIM) દર્શાવે છે. ઇવૉલ્યુશન એક ઇ-મેઇલ ક્લાયન્ટ પૂરું પાડે છે, જેના દ્વારા ઇ-મેઇલને સ્થાનિક કમ્પ્યૂટર પર ડાઉનલોડ કરી સંગ્રહ કરી શકાય છે. આમ કરવાથી ઇન્ટરનેટ ચાલુ ન હોય ત્યારે પણ તે ઇ-મેઇલનો ઉપયોગ કરી શકાય છે. અન્ય સુવિધાઓ સાથે તે Internet Messaging (IM અથવા ચેટ) તથા કૅલેન્ડર (કાર્યોનું સમયપત્રક)ની ગોઠવણી જેવી પણ સુવિધા પૂરી પાડવામાં આવે છે.

તેની બાજુમાં આવેલું date/time ઍપ્લેટ વર્તમાન તારીખ અને સમય દર્શાવે છે. તેના પર ક્લિક કરવાથી આકૃતિ 7.11માં દર્શાવ્યા પ્રમાણે ચાલુ મહિનાનું કૅલેન્ડર દર્શાવવામાં આવે છે.





**આકૃતિ 7.11 : કૅલેન્ડર ઍપ્લેટ**

ભૂતકાળ અથવા ભવિષ્યના અઠવાડિયાનો કોઈ દિવસ જોવા માટે મહિનાના નામ અને વર્ષના નામની આસપાસ રહેલી નાની ત્રિકોણાકાર નિશાનીનો ઉપયોગ કરી શકાય છે. તેની નીચે આવેલો નકશો દર્શાવે છે કે હાલમાં પૃથ્વીના કયા ભાગ પર સૂર્યકિરણો ફેલાઈ રહ્યાં છે અને કયો ભાગ અંધકારમાં છે. date/time ઇન્ડિકેટર પર ફરીવાર ક્લિક આપવાથી તેને બંધ કરી શકાય છે.

ત્યાર પછીનું ઍપ્લેટ નેટવર્ક ઇન્ટરફેસની સ્થિતિ દર્શાવે છે તથા નેટવર્ક સાથે જોડાણ કરવા કે જોડાણ રદ કરવાની સુવિધા આપે છે. (આ સુવિધા ખાસ કરીને વાયરલેસ નેટવર્કમાં ઉપયોગી છે.) નેટવર્ક ઍડિટર પર રાઇટ ક્લિક કરવાથી ખૂલતા કન્ટેક્સ્ટ મેનૂમાં "Edit Connections..." પસંદ કરવાથી જે ઇન્ટરફેસ ખોલી શકાય છે, તે જ ઇન્ટરફેસ Preferences

મેનૂમાં Edit Network Connection દ્વારા પણ ખોલી શકાય છે. નેટવર્ક ઇન્ડિકેટરનું આઇકન સ્વયં હાલની નેટવર્ક સ્થિતિ વિશેનો ખ્યાલ આપે છે. (not connected/trying to connect/connected).

**"Me મેનૂ":** આકૃતિ 7.12 માં દર્શાવ્યા પ્રમાણે આ મેનૂ હાલમાં લૉગિન થયેલા ઉપયોગકર્તાના નામ દ્વારા દર્શાવવામાં આવે છે. તે સોશિયલ નેટવર્કના ત્વરિત ઉપયોગ માટે તથા ક્લાઉડનો ઉપયોગ કરવા માટેનું એક સાધન છે. નિર્ધારિત કરવામાં આવેલી ઉપયોગકર્તાની સ્થિતિ સોશિયલ નેટવર્કિંગના ખાતા દ્વારા અન્યોને દર્શાવવા માટે આ મેનૂની શરૂઆતમાં થોડા વિકલ્પો (Available, Away, Busy, Invisible અને Offline) આપવામાં આવ્યા છે. પછીના બે વિકલ્પો સોશિયલ નેટવર્કિંગના એકાઉન્ટ ગોઠવવાની સુવિધા આપે છે. એકવાર આ તમામ વિકલ્પો ગોઠવાઈ ગયા બાદ 'ઇન્ડિકેટર ઍપ્લેટ' દ્વારા જે-તે સાઇટ પરથી આવેલા નવા સંદેશાઓ, 'ચેટ' માટેની વિનંતીઓ વગેરે જોઈ શકાય છે. ઉપયોગકર્તા પણ સંદેશાઓ અને 'ચેટ' માટેની વિનંતીઓ મોકલી શકે છે.




**આકૃતિ 7.12 : Me મેનૂ**

Me મેનૂના અંતિમ વિકલ્પ દ્વારા ઉપયોગકર્તાના કમ્પ્યૂટરની નોંધણી કેનોનિકલની ક્લાઉડ આધારિત નિઃશુલ્ક સેવા Ubuntu One પર કરી શકાય છે. અહીં 'ક્લાઉડ આધારિત'નો અર્થ છે કે Ubuntu One માં સંગ્રહ કરવામાં આવેલી તમામ ફાઇલ અને ફોલ્ડર ઉપયોગકર્તાના કમ્પ્યૂટરમાં સંગ્રહ પામતા નથી, પરંતુ તેમને ઉબુન્ટુના સર્વર પર સંગ્રહવામાં આવે છે, જેથી આખી દુનિયામાં કોઈ પણ કમ્પ્યૂટર પર ઇન્ટરનેટની મદદથી તેનો ઉપયોગ કરી શકાય છે. આ વિગતોને અન્યો સાથે વહેંચી પણ શકાય છે. Ubuntu One સેવાનો ઉપયોગ કરવા માટે તેમાં ખાતું હોવું જરૂરી છે. જો ન હોય, તો નિઃશુલ્ક ખાતું બનાવવું એ એક સરળ પ્રક્રિયા છે.

ઉબુન્ટુ દ્વારા સ્થાનિક (હાલના) કમ્પ્યૂટર પર રહેલા સંપર્કો, બ્રાઉઝરમાં બનાવેલા બુકમાર્ક અને ફાઇલ તથા ફોલ્ડરને સર્વર પર સંગ્રહાયેલી માહિતી વડે "Sync" (synchronize - સમકાલીન) બનાવી શકાય છે. સિન્ક્રોનાઇઝેશન પ્રક્રિયામાં સ્થાનિક કમ્પ્યૂટર પર આવેલી દરેકેદરેક વિગતને સર્વર પર આવેલી સંબંધિત વિગત સાથે સરખાવાય છે. જ્યારે કોઈ વિગત કોઈ એક કમ્પ્યૂટર પર તાજેતરમાં ઉમેરાયેલી, સુધારેલી કે દૂર કરવામાં આવેલી જણાય ત્યારે તે જ પ્રક્રિયા આપોઆપ અન્ય કમ્પ્યૂટર પર થઈ જાય છે. પ્રક્રિયાના અંતમાં, બંને કમ્પ્યૂટર પર સરખી અને અદ્યતન માહિતી હોય છે. આ રીતે, સમયાંતરે વિગતોને સિન્ક્રોનાઇઝ કરવામાં આવે તો, ઉપયોગકર્તાના ભૌગોલિક સ્થાનને ધ્યાનમાં રાખ્યા વગર હાલના કમ્પ્યૂટરમાં હંમેશાં અદ્યતન માહિતી મેળવી શકાય છે.


ખૂબ મોટા પ્રમાણમાં વિગતો ધરાવતા કમ્પ્યૂટરનું સર્વર સાથે સિન્ક્રોનાઇઝ કરી તે જ સર્વર સાથે અન્ય નવા કમ્પ્યૂટરનું સિન્ક્રોનાઇઝેશન કરી શકાય છે. આમ કરવાથી એક કમ્પ્યૂટરથી અન્ય કમ્પ્યૂટર પર વિગતોનું સ્થાનાંતરણ અસરકારક રીતે કરી શકાય છે. આ જ રીતે, એક કમ્પ્યૂટર પરથી ફાઇલને સર્વર પર અપલોડ કરી શકાય છે તથા દુનિયામાં ગમે તે સ્થળે રહેલા અન્ય કમ્પ્યૂટર પર ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરી શકાય છે. જે વ્યક્તિઓને વ્યાપક પ્રમાણમાં મુસાફરી કરવી પડતી હોય તેમના માટે આ સુવિધા અત્યંત આશીર્વાદરૂપ છે, કારણકે તે આ સુવિધાના ઉપયોગથી અગત્યની ફાઇલો સાથે લઈ જવાનું ભૂલી જવાના જોખમમાંથી મુક્તિ મેળવે છે. અનેક વ્યક્તિઓ તેમની ફાઇલો ક્લાઉડ પર રાખે છે, જેથી તેને દુનિયાના ગમે તે સ્થાન પરથી ઉપયોગમાં લઈ શકાય છે તથા અન્ય વ્યક્તિઓ સાથે વહેંચી શકાય છે.

ઉબુન્ટુ વન ઑનલાઇન સંગીતની સુવિધા પણ પૂરી પાડે છે. (જે હાલમાં ભારતમાં ઉપલબ્ધ નથી.) તે એન્ડરૉઇડ ફોનથી લેવામાં આવેલી તસવીરોને મિત્રો તથા સગાસંબંધીઓમાં સત્વરે વહેંચવાની સુવિધા પણ પૂરી પાડે છે. લિનક્સ/યુનિક્સ

ઑપરેટિંગ સિસ્ટમ અને માઇક્રોસૉફ્ટ વિન્ડોઝ ઉપરાંત એન્ડરૉઇડ અને iOS મોબાઇલ ફોન દ્વારા પણ ઉબુન્ટુ વનનો ઉપયોગ કરી શકાય છે. તેનું નિઃશુલ્ક ખાતું 5GB જેટલી જગ્યા પૂરી પાડે છે. જરૂરિયાત મુજબ વધુ જગ્યા ખરીદી શકાય છે. જાહેરાતો, સંગ્રહસ્થાનનું વેચાણ તથા ક્લાઉડ પર ઉપલબ્ધ સંગીતની સેવા એ કેનોનિકલની આવકનો મુખ્ય આધાર છે.

## સેશન મેનૂ (The Session Menu)


ટોપ પેનલ પરનો સૌથી જમણી બાજુ આવેલ ઘટક સેશન મેનૂ છે. (જુઓ આકૃતિ 7.13). ઉપયોગકર્તાઓના સેશન (બેઠક)ને નિયંત્રિત કરવા માટેના વિકલ્પો આ મેનૂમાં આપવામાં આવ્યા છે. તેમાં સિસ્ટમને લોક કરવા માટેના, લૉગઆઉટ કરવા માટેના, અન્ય ઉપયોગકર્તાનું લોન-ઇન ખોલવા માટેના, સિસ્ટમને સ્લિપ કે હાઇબરનેટ સ્થિતિમાં મૂકવા માટેના તથા કમ્પ્યૂટર બંધ કરવા માટેના વિકલ્પો આપવામાં આવ્યા છે. "Guest Session" વિકલ્પ દ્વારા કામચલાઉ કે અનિયમિત ઉપયોગકર્તા માટે સેશન પૂરું પાડવામાં આવે છે. Guest ઉપયોગકર્તા સિસ્ટમમાં કોઈ કાયમી ફેરફારો કરી શકતા નથી અને કરવામાં આવેલા તમામ ફેરફારો કામચલાઉ હોમ-ડિરેક્ટરીમાં ઉમેરવામાં આવે છે તથા સેશન પૂરું થતાં તે નાશ પામે છે. (હોમ-ડિરેક્ટરીનો અભિગમ આ પહેલાના પ્રકરણમાં ચર્ચવામાં આવ્યો છે.)




**આકૃતિ 7.13 : Session મેનૂ**

## બોટમ પેનલ (The Bottom Panel)


આકૃતિ 7.14માં દર્શાવ્યા મુજબ બોટમ પેનલમાં ડાબી બાજુ "Show Desktop" આઇકન હોય છે તથા જમણી બાજુ "Trash" આઇકન આપવામાં આવેલું હોય છે. જ્યારે ઉપયોગકર્તા "Show Desktop" આઇકન પર ક્લિક કરે ત્યારે તમામ વિન્ડો મિનિમાઇઝ થઈ જાય છે અને માત્ર ડેસ્કટોપ જોવા મળે છે. તે જ આઇકન પર ફરી ક્લિક કરવાથી તમામ વિન્ડોને તેમની પૂર્વવત્ સ્થિતિ મુજબ (રિસ્ટોર) ગોઠવી શકાય છે.




**આકૃતિ 7.14 : Bottom પેનલ**

ઉપયોગકર્તાની વિગતોની સલામતી માટે ટ્રેશ કેન (ટ્રેશ) પૂરું પાડવામાં આવે છે. ફાઇલ બ્રાઉઝર દ્વારા દૂર કરવામાં આવેલા કોઈ પણ ફાઇલ કે ફોલ્ડરને તત્કાલ ડિસ્કમાંથી દૂર કરવામાં આવતું નથી, પરંતુ તેનો સંગ્રહ ટ્રેશ કેનમાં કરવામાં આવે છે. ઉપયોગકર્તા કોઈ ફાઇલ કે ફોલ્ડરને અકસ્માતે ભૂંસી નાખે ત્યારે, ટ્રેશ ફોલ્ડર તેને પાછું લાવી શકવાની તક પૂરી પાડે છે. કોઈ પણ સમયે ઉપયોગકર્તા ટ્રેશના આઇકન પર ક્લિક કરે તેને ખોલી શકે છે અને દૂર કરવામાં આવેલ ફાઇલ અને ફોલ્ડર જોઈ શકે છે. (જુઓ આકૃતિ 7.15)

Trash માં આવેલી કોઈ પણ વિગતના નામ પર રાઇટ ક્લિક કરવાથી કન્ટેક્સ્ટ મેનૂ રજૂ કરવામાં આવે છે. આમ કરવાથી તે ફાઇલ કે ફોલ્ડરમાં રહેલ વિગતો જોઈ શકાય છે, કટ કે કૉપી કરી શકાય છે, નકલ કરીને કે ખસેડીને પસંદ કરેલી ડિરેક્ટરીમાં મૂકી શકાય છે, વિગતને કાયમી ધોરણે દૂર કરી શકાય છે તથા જે ડિરેક્ટરીમાંથી તેને દૂર કરવામાં આવી હોય તેમાં ફરી મૂકી શકાય છે. ટ્રેશ વિન્ડોમાં ઉપરની બાજુએ તેને સંપૂર્ણ ખાલી કરી નાંખવા માટેનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. આ વિકલ્પ પસંદ કરવાથી ટ્રેશમાં આવેલી તમામ વિગતો કાયમી ધોરણે દૂર થઈ જાય છે અને તેને ફરીથી મેળવી શકાતી નથી. અહીં એક મહત્ત્વની વાત કરવી જરૂરી બને છે કે, માત્ર ગ્રાફિકલ ફાઇલ બ્રાઉઝરમાંથી દૂર કરવામાં આવેલી વિગતોને જ ટ્રેશમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે. અન્ય રીતે એટલે કે ટર્મિનલ કે કોઈ પ્રોગ્રામ દ્વારા દૂર કરવામાં આવેલી વિગતોનો સંગ્રહ ટ્રેશમાં કરવામાં આવતો નથી તથા તેને કાયમી ધોરણે દૂર કરવામાં આવે છે.




આકૃતિ 7.15 : ટ્રેશફોલ્ડરનો દેખાવ

ટ્રેશ આઈકનની ડાબી બાજુ વર્કસ્પેસ સ્વિચર (Workspace Switcher) આપવામાં આવેલું છે. બોટમ પેનલમાં દરેક વર્કસ્પેસનું તે લઘુસ્વરૂપ રજૂ કરેલ છે. પૂર્વનિર્ધારિત રીતે ઉબુન્ટુમાં ચાર વર્કસ્પેસ આવેલા હોય છે. ચારેય વર્કસ્પેસ 1 x 4 જાળી સ્વરૂપે ગોઠવાયેલા હોય છે. વળી, તે દરેક વર્કસ્પેસમાં કઈ વિન્ડો ખોલવામાં આવેલી છે, તેનો નિર્દેશ પણ ઘણા નાના વિસ્તારમાં દર્શાવે છે. વર્કસ્પેસ સ્વિચરમાં આવેલા લઘુસ્વરૂપ પર ક્લિક કરી તે વર્કસ્પેસને ખોલી શકાય છે. તમામ વર્કસ્પેસ પર વારાફરતી જવા માટે CTRL + ALT + arrow keyનો ઉપયોગ પણ કરી શકાય છે.

બોટમ પેનલમાં "Show Desktop" આઈકન અને વર્કસ્પેસ સ્વિચરની વચ્ચે આવેલી તમામ જગ્યા શરૂઆતમાં ખાલી હોય છે. ખોલવામાં આવેલા તમામ વિનિયોગોની તેના આઈકન અને શીર્ષક સાથેની લઘુ-રજૂઆત કરવા માટે આ વિસ્તારનો ઉપયોગ કરવામાં આવે છે. વધુ ને વધુ વિનિયોગો ઉત્તરોત્તર ખોલવા લાગીએ ત્યારે આ રજૂઆત ક્રમશઃ નાની બનતી જાય છે. વિનિયોગોની વારાફરતી પેનલ ખોલવા માટે બોટમ પેનલમાં આવેલી આ રજૂઆતો પૈકી કોઈ પણ ઉપર ક્લિક કરવાથી અથવા ALT-TAB કીનો ઉપયોગ કરવાથી પણ કરી શકાય છે.

## ડેસ્કટોપ (The Desktop)


ટોપ અને બોટમ પેનલની વચ્ચે આવેલા તમામ વિસ્તારને ડેસ્કટોપ તરીકે ઓળખવામાં આવે છે. તેના પર બેકગ્રાઉન્ડ ચિત્ર દર્શાવવામાં આવે છે, જ્યારે ઉપયોગકર્તા તેની પર કોઈ વિગત દર્શાવે ત્યારે ડેસ્કટોપ પર આવેલો ભાગ ધૂંધળો બની જાય છે. શરૂઆતમાં ડેસ્કટોપ ખાલી હોય છે, પરંતુ તેના પર વારંવાર ઉપયોગમાં લેવામાં આવતી હોય તેવી ફાઈલો અને ડિરેક્ટરીઓ ઉપરાંત સત્વરે ખોલી શકાય તે માટે ઍપ્લિકેશન લૉન્ચર પણ ઉમેરી શકાય છે.

ખરેખર તો, ડેસ્કટોપ પર મૂકવામાં આવેલી તમામ વિગતોનો સંગ્રહ ઉપયોગકર્તાની હોમ ડિરેક્ટરીમાં આવેલી “Desktop” નામની સબડિરેક્ટરીમાં કરવામાં આવે છે. ડેસ્કટોપના ખાલી વિસ્તાર પર રાઇટ ક્લિક કરવાથી ખૂલતું કન્ટેક્સ્ટ મેનૂ આપણને ડેસ્કટોપ પર ફાઇલ, ડિરેક્ટરી તથા ઍપ્લિકેશન લૉન્ચર બનાવવાની સુવિધા પૂરી પાડે છે. અહીં ઍપ્લિકેશન લૉન્ચર બનાવવાની પદ્ધતિ ટોપ પેનલમાં કસ્ટમ લૉન્ચર ઉમેરવાની પદ્ધતિ જેવી જ છે. વૈકલ્પિક રીતે, નોટિલસ ફાઇલ બ્રાઉઝરમાંથી ફાઇલ કે ફોલ્ડરને ડ્રેગ કરી ડેસ્કટોપ પર મૂકી શકાય છે અથવા ઍપ્લિકેશન મેનૂ કે ટોપ પેનલમાંથી ઍપ્લિકેશન લૉન્ચરને ડેસ્કટોપ પર મૂકી શકાય છે. કન્ટેક્સ્ટ મેનૂમાં આવેલા વિકલ્પ દ્વારા ડેસ્કટોપ બેકગ્રાઉન્ડમાં આવેલ ચિત્રને પણ બદલી શકાય છે.


જ્યારે કમ્પ્યૂટરમાં કોઈ રિમૂવેબલ સાધન જોડવામાં આવે ત્યારે તેના માટેનું આઇકન ડેસ્કટોપ પર દર્શાવવામાં આવે છે. તેને ડબલ ક્લિક કરી ખોલી શકાય છે. આ આઇકન પર રાઇટ ક્લિક કરીએ ત્યારે તેના કન્ટેક્સ્ટ મેનૂમાં સાધનના પ્રકાર પ્રમાણે ‘unmount the device/safely remove the device/eject the media’ વિકલ્પ દર્શાવવામાં આવે છે.

### GNOME ડેસ્કટોપના દેખાવને અનુકૂળ બનાવવો (Customizing the appearance of the GNOME Desktop)


GNOME થીમને સમર્થન આપે છે. જુદી-જુદી સુસંગત દર્શનીય સંરચનાઓના સમૂહને થીમ તરીકે ઓળખવામાં આવે છે. થીમ બદલવાથી એક પ્રકારની સંરચનામાંથી અન્ય પ્રકારની સંરચના લાગુ પાડી શકાય છે. થીમ અને બેકગ્રાઉન્ડમાં કરવામાં આવેલો ફેરફાર ડેસ્કટોપના દૃશ્યમાં આમૂલ પરિવર્તન લાવે છે (જુઓ આકૃતિ 7.16).




a. The Ambience Theme



b. The Clearlooks Theme



c. The Dust Sand Theme




d. The High Contrast Inverse Theme


**આકૃતિ 7.16 : ઉબુન્ટુ GNOMEની કેટલીક ડેસ્કટોપ થીમ**

દૃષ્ટિની ખામી ધરાવતા વ્યક્તિઓ માટે High Contrast Inverse થીમ આપવામાં આવી છે. આ થીમમાં ઉચ્ચ તુલનાત્મક ગુણોત્તર (high contrast ratio) અને ઘેરા રંગ પર આછા રંગના આકારો દ્વારા લેખન દર્શાવવાથી વાચન સરળ બને છે.


Preferences મેનૂના Appearance વિકલ્પમાં ચાર ટેબ (tabs) આપવામાં આવ્યા છે : Theme, Background, Fonts અને Visual Effects. પ્રસ્થાપિત થીમની યાદીમાંથી Theme વિભાગ દ્વારા કોઈ પણ થીમ પસંદ કરી શકાય છે. વધુ થીમ ઑનલાઇન ઉપલબ્ધ છે. Background વિભાગ દ્વારા બેકગ્રાઉન્ડ પસંદ કરી શકાય છે. બેકગ્રાઉન્ડ તરીકે આખા સ્ક્રીનને આવરી લે તેવો કોઈ એક રંગ પસંદ કરી શકાય છે, એક રંગથી બીજા રંગ તરફ ધીરે ધીરે આગળ વધતી અવસ્થા (હોરિઝોન્ટલ ગ્રેડિયન્ટ કે વર્ટિકલ ગ્રેડિયન્ટ) પસંદ કરી શકાય છે અથવા કોઈ ચિત્ર બેકગ્રાઉન્ડ સ્વરૂપે મૂકી શકાય છે. (જુઓ આકૃતિ 7.17).



a. Solid Colour



b. Horizontal Gradient



c. Vertical Gradient



d. Picture

**આકૃતિ 7.17 : જુદાં-જુદાં બેકગ્રાઉન્ડ**


પૂર્વનિર્ધારિત ફૉન્ટનો પ્રકાર પસંદ કરવા Fonts વિભાગનો ઉપયોગ કરી શકાય છે. ફૉન્ટ બદલવા માટે આકૃતિ 7.18માં દર્શાવ્યા પ્રમાણે Fonts ટેબ પર ક્લિક કરવામાં આવે છે.

Visual Effects વિભાગમાં પસંદગી માટેના ત્રણ સ્તર આપવામાં આવ્યા છે : None, Normal અને Extra (વિકલ્પોના ચઢતા ક્રમમાં સુંદર બનતો જતો દેખાવ). none વિકલ્પ પૂર્વનિર્ધારિત છે. ઉચ્ચસ્તરીય વિકલ્પ પસંદ કરવાથી વ્યાપક પ્રમાણમાં દ્વિપરિમાણીય અને ત્રિપરિમાણીય દર્શનીય પ્રભાવ મેળવી શકાય છે. સિસ્ટમની ગ્રાફિક ક્ષમતા અનુસાર




**આકૃતિ 7.18 : Fonts વિભાગ**

Normal અને Extra વિકલ્પ કાર્ય કરે કે ન કરે તે પણ શક્ય છે. જો કોઈ વિકલ્પને પસંદ કરવામાં આવે છતાં તે સિસ્ટમમાં કાર્યરત ન બની શકે તો આકૃતિ 7.19 માં દર્શાવ્યા મુજબનો સંદેશ જોવા મળે છે.




**આકૃતિ 7.19 : ભૂલનો સંદેશ**

ઉપયોગકર્તાને ઉપલબ્ધ થાય એવી કેટલીક રસપ્રદ વિશિષ્ટ અસરો નીચે દર્શાવેલી છે :

- **Desktop Wall** : ઉપયોગકર્તા જેનો ઉપયોગ કરી શકે તેવી વૉલ (wall) સ્વરૂપે કાર્યક્ષેત્રને દર્શાવશે.
- **Desktop Cube and Rotate Cube** : ઉપયોગકર્તા સરકતા પાસાની જેમ ફેરવી શકે તે રીતે કાર્યક્ષેત્રને એક ઘનની બાજુઓના સ્વરૂપે દર્શાવશે.
- **Magnifier** : સુવાચ્યતા માટે સ્ક્રીનનો નિશ્ચિત ભાગ મોટા કદનો દર્શાવી શકાય છે. વિશેષ કરીને વિપુલ પ્રેક્ષકો સમક્ષ મલ્ટિમીડિયા પ્રૉજેક્ટર દ્વારા પ્રદર્શન કરવાનું હોય ત્યારે આ સુવિધા ઘણી ઉપયોગી બને છે.
- **Enhanced Zoom Desktop** : સુપર કી દબાવી રાખી માઉસનું વચ્ચેનું ચક્ર (વ્હીલ) ફેરવવામાં આવે તો માઉસનું પૉઈન્ટર હોય તે સ્થાનને કદમાં નાનું કે મોટું (zoom) કરી શકાય છે.
- **Opacity** : માત્ર માઉસ પૉઈન્ટરને વિન્ડોના કોઈ પણ ભાગ ઉપર લઈ જવાથી તે ભાગ દૃશ્યમાન થાય છે.
- **Window Previews** : જ્યારે બોટમ પેનલમાં આવેલા કોઈ વિનિયોગની લઘુ-રજૂઆત પર માઉસ પૉઈન્ટર મૂકવામાં આવે ત્યારે વિન્ડોનું લઘુ-સ્વરૂપ દર્શાવવામાં આવે છે. વિન્ડોના લઘુ દેખાવમાં તેની વિગતો પણ દર્શાવવામાં આવે છે.

- **Blur Windows** : પાછળનું દૃશ્ય આછા રંગોમાં જોઈ શકાય તે માટે વિન્ડોને અર્ધપારદર્શક બનાવવામાં આવશે.
- **Fading Windows** : જ્યારે વિન્ડોને મૅક્સિમાઇઝ કે મિનિમાઇઝ કરવામાં આવે ત્યારે તેને અનુક્રમે ફેડ-ઈન (fade in - અદૃશ્ય સ્થિતિમાંથી ધીરે-ધીરે દૃશ્યમાન બનવાની ક્રિયા) અથવા ફેડઆઉટ (fade out - સંપૂર્ણ દૃશ્યમાન સ્થિતિમાંથી ધીરે-ધીરે અદૃશ્ય બનવાની ક્રિયા) અસરો સાથે દર્શાવશે.
- **Minimize Windows** : વિન્ડોને મિનિમાઇઝ કરવામાં આવે કે રી-સ્ટોર કરવામાં આવે ત્યારે વિન્ડોનું કદ ઘટાડવા કે વધારવામાં આવશે.
- **Water Effect** : ડેસ્કટોપને એવી અસર સાથે દર્શાવશે જાણે સ્ક્રીન એક સંપૂર્ણ પાણી ભરેલું સરોવર હોય અને માઉસ પૉઇન્ટર એ તેમાં નાખેલો એક પથ્થર હોય.
- **Wobbly Windows** : જ્યારે વિન્ડોને ખસેડવામાં કે મૅક્સિમાઇઝ કરવામાં આવે ત્યારે ધ્રુજારી (shake)ની અસર દર્શાવશે.
- **Animation** : વિન્ડોની કેટલીક સામૂહિક અસરો દર્શાવશે.


## સારાંશ (Summary)

આ પ્રકરણમાં આપણે GNOME2 ડેસ્કટોપની ચર્ચા કરી. GNOME2 નાં ત્રણ મુખ્ય ઘટકો : ટોપ પેનલ, ડેસ્કટોપ અને બોટમ પેનલનો ઉપયોગ કેવી રીતે કરવો તે આપણે જોયું. આપણે Application મેનૂમાં પહેલેથી સ્થાપિત એવા કેટલાંક સૉફ્ટવેર અંગે જાણકારી મેળવી. Places મેનૂનો ઉપયોગ તથા System મેનૂની અંદર આવેલા વિકલ્પોનો પણ અભ્યાસ કર્યો. અંતમાં આપણે જોયું કે GNOME2 ડેસ્કટોપનો દેખાવ આપણી અનુકૂળતા મુજબ કેવી રીતે બદલી શકાય.


## સ્વાધ્યાય

1. GNOME2 ડેસ્કટોપના ત્રણ મુખ્ય ઘટકો કયા છે ?
2. GNOME2માં ટોપ પેનલના મુખ્ય ઘટકોની ચર્ચા કરો.
3. GNOME2નો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તેવા ઉબુન્ટુમાં આવેલા Places મેનૂમાં ઉપલબ્ધ વિકલ્પોની યાદી બનાવો.
4. GNOME2નો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તેવા ઉબુન્ટુમાં આવેલા Administration સબમેનૂના ઉપલબ્ધ વિકલ્પોની યાદી બનાવો.
5. ઍપ્લિકેશન લૉન્ચર એટલે શું ? ટોપ પેનલમાં લૉન્ચર મૂકવાની વિવિધ રીતોની ચર્ચા કરો.
6. Custom Application Launcherની રચના કેવી રીતે કરી શકાય ?
7. GNOME2 ધરાવતા ઉબુન્ટુમાં પૂર્વનિર્ધારિત રીતે સ્થાપિત ઇન્ડિકેટર ઍપ્લેટ વિશે ચર્ચા કરો.
8. "Me" મેનૂ શું છે ? તેનો ઉપયોગ જણાવો.
9. Ubuntu One વિશે માહિતી આપો. કેનોનિકલ સંસ્થાએ શા માટે સેવાની શરૂઆત કરી તેની ચર્ચા કરો.

10. Session મેનૂના વિકલ્પો સમજાવો.

11. ડેસ્કટોપના ઉપયોગો જણાવો.

12. બોટમ પેનલમાં કયા ઘટકો આપવામાં આવ્યા છે ?

13. ટ્રેશ શું છે ? તે કઈ સુવિધા પૂરી પાડે છે ? તેની મુખ્ય મર્યાદા કઈ છે ?

14. થીમ એટલે શું ?

15. **આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કયું લિનક્સનું ડેસ્કટોપ મૅનેજર નથી ?

(a) KDE (b) LXDE

(c) Unity (d) Brasero

(2) નીચેનામાંથી કયું પ્રમાણમાં હળવું ડેસ્કટોપ મૅનેજર છે ?

(a) KDE (b) LXDE

(c) Unity (d) GNOME2

(3) કોઈ પણ ઘટક પર રાઇટક્લિક કરવાથી શું દર્શાવવામાં આવે છે ?

(a) Context menu (b) Global menu

(c) Tool tip (d) System menu

(4) ઉબુન્ટુના GNOME2 ડેસ્કટોપની ટોપ પેનલમાં નીચેનામાંથી કયું મેનૂ આપવામાં આવ્યું નથી ?

(a) Applications (b) Places

(c) Preferences (d) System

(5) ઉબુન્ટુના GNOME2 ડેસ્કટોપની ટોપ પેનલનો નીચેનામાંથી કયો એક ભાગ નથી ?

(a) વિન્ડોની લઘુ-રજૂઆત (b) ઍપ્લિકેશન લૉન્ચર

(c) સેશન મેનૂ (d) નોટિફિકેશન એરિયા

(6) નીચેનામાંથી શું ઉબુન્ટુ GNOME2 ડેસ્કટોપની બોટમ પેનલનો એક ભાગ નથી ?

(a) Show Desktop આઇકન (b) Trash આઇકન

(c) ડેસ્કટોપ/વર્કસ્પેસ સ્વિચર (d) Notification એરિયા

(7) Application મેનૂમાં પૂર્વનિર્ધારિત રીતે કયા વિનિયોગ માટેનો વિભાગ આપવામાં આવ્યો નથી ?

(a) રમતો (b) વહીવટ

(c) ગ્રાફિક (d) ઑફિસ

(8) Office વિભાગમાં નીચેનામાંથી કયો વિનિયોગ ઉપલબ્ધ નથી ?

(a) OpenOffice.org Writer (b) OpenOffice.org Draw

(c) OpenOffice.org Calc (d) OpenOffice.org Impress

(9) ઉપયોગકર્તાની હોમ-ડિરેક્ટરીમાં કયા ફોલ્ડરનો સમાવેશ કરવામાં આવ્યો નથી ?

(a) Desktop (b) Music

(c) Documents (d) Computer

**(10)** નીચેનામાંથી કયું લૉન્ચર ટોપ પેનલમાં પહેલેથી આપવામાં આવ્યું હોય છે ?

(a) OpenOffice.org Writer (b) OpenOffice.org calc

(c) Help (d) આપેલ તમામ

**(11)** ટોપ પેનલમાં લૉન્ચરને શેના દ્વારા છૂટા પાડવામાં આવે છે ?

(a) Line (b) Vertical bar

(c) Horizontal bar (d) Separator

**(12)** કયા મેનૂને હાલના ઉપયોગકર્તાના લોગ-ઇન નામ દ્વારા દર્શાવવામાં આવે છે ?

(a) Me મેનૂ (b) User મેનૂ

(c) Personalize મેનૂ (d) Session મેનૂ

**(13)** ઉબુન્ટુની ક્લાઉડ સેવાને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(a) Ubuntu One (b) Ubuntu Music Store

(c) Ubuntu Cloud (d) Ubuntu Drive

**(14)** નોટિલસ ફાઇલ બ્રાઉઝરમાંથી દૂર કરવામાં આવેલ ફાઇલનો સંગ્રહ કયા સ્થાન પર કરવામાં આવે છે ?

(a) Recycle Bin (b) Recycle Can

(c) Trash Can (d) Trash Bin

**(15)** ઉબુન્ટુમાં નીચેનામાંથી કઈ થીમ પૂર્વસ્થાપિત નથી ?

(a) Ambience (b) ClearType

(c) Dust Sand (d) High Contrast Inverse

## પ્રાયોગિક સ્વાધ્યાય

**નીચેનાં કાર્યો ઉબુન્ટુની મદદથી પાર પાડી તે માટેના પગલાંની નોંધ કરો :**

1. ટોપ પેનલમાં Terminal વિનિયોગ માટે લૉન્ચર બનાવો.
2. ડેસ્કટોપ પર Calculator વિનિયોગ માટે લૉન્ચર બનાવો.
3. પ્રશ્ન 2માં બનાવેલા ડેસ્કટોપ લૉન્ચરનું કન્ટેક્સ્ટ મેનૂ ખોલો.
4. મેનૂસિસ્ટમનો ઉપયોગ કરી કેલ્ક્યુલેટર વિનિયોગ શરૂ કરો.
5. મેનૂસિસ્ટમની મદદથી હોમ-ડિરેક્ટરી ખોલો.
6. તમારી હોમ-ડિરેક્ટરીમાં આવેલ ડિરેક્ટરીની યાદી દર્શાવો. (અદૃશ્ય ડિરેક્ટરીઓ સિવાય કે જે હવે પછીના પ્રકરણમાં સમજાવેલ છે.)
7. તમારા કમ્પ્યૂટરમાં આવેલાં સ્ટોરેજ સાધનોની યાદી બનાવો.
8. મેનૂસિસ્ટમ દ્વારા Network ખોલી તમારી પ્રયોગશાળાનાં કોઈ કમ્પ્યૂટર દેખાય, તો તેની નોંધ કરો. (પરિણામ પ્રયોગશાળાની ગોઠવણ પર આધારિત છે.)
9. ફાઇલ સિસ્ટમમાંથી “fstab” શબ્દ ધરાવતી ફાઇલોની શોધ કરો. આવી કેટલી ફાઇલ તમે શોધી શક્યા ?

10. તાજેતરમાં ખોલવામાં આવેલા દસ્તાવેજો નિહાળો.

11. * સિસ્ટમમાં કોઈ રિમૂવેબલ સાધન જોડીને તેમાં આવેલી વિગતો નિહાળો.

12. * ડેસ્કટોપ પર રહેલા આઇકનના કન્ટેક્સ્ટ મેનૂ દ્વારા રિમૂવેબલ સાધનને સલામત રીતે દૂર કરો.

13. તમારી સિસ્ટમમાં જુદી-જુદી થીમ અને બેકગ્રાઉન્ડ ગોઠવી તેનું પરિણામ નિહાળો.

14. જુદા-જુદા વિભાગો માટેના ફૉન્ટનું કદ બદલો અને તેનું પરિણામ જુઓ.

15. દર્શનીય અસરને Normal અને High રાખવાનો પ્રયત્ન કરો અને તેનું પરિણામ નિહાળો.

16. ઉપલબ્ધ સ્ક્રીનસેવરનો દેખાવ જોઈ તેમાંથી તમારી પસંદગીના કેટલાકનો અમલ કરો.

17. ટાઇટલબાર પર ડબલ ક્લિકની જુદી-જુદી ગોઠવણી કરો અને તેનું પરિણામ નિહાળો.

18. પહેલેથી આપવામાં આવેલી મદદમાં "New to Ubuntu ?" મુદ્દા અને તેના પેટા મુદ્દાનું વાચન કરો.

19. તમારી સિસ્ટમમાં સ્થાપિત ઉબુન્ટુની આવૃત્તિની નોંધ કરો.

20. ટોપ પેનલમાં સેપરેટર ઉમેરો.

21. ફાઇલ સિસ્ટમની user ડિરેક્ટરીમાં આવેલી bin સબડિરેક્ટરીમાં ઉપલબ્ધ GUI ફાઇલ બ્રાઉઝર પ્રોગ્રામ નોટિલસનું કસ્ટમ લૉન્ચર ટોપ પેનલમાં ઉમેરો. આ માટે કોઈ આઇકન પસંદ કરો અને જુઓ કે કયું આઇકન દર્શાવવામાં આવે છે.

22. અગાઉ બનાવેલા નોટિલસ લૉન્ચરનું ટોપ પેનલમાં સ્થાન બદલો.

23. અગાઉ બનાવેલા નોટિલસ લૉન્ચરની સ્થિતિને 'લૉક' કરો. પછી તેને આજુબાજુ ફેરવવાનો પ્રયત્ન કરો.

24. ટોપ પેનલમાં પૂર્વનિર્ધારિત લૉન્ચરના સ્થાનની અદલાબદલી કરો.

25. તમે અગાઉ બનાવેલા નોટિલસ લૉન્ચરને દૂર કરો.

26. હાલના સિસ્ટમની તારીખ, સમય અને અઠવાડિયાનો દિવસ તપાસો.

27. 2 ઑક્ટોબર, 2012 અને 15 ઑગસ્ટ, 1947ના દિવસોએ આવેલ વાર શોધો.

28. તમારા જન્મની તારીખે અઠવાડિયાનો કયો વાર હતો તે શોધો.

29. * સેશન મેનૂના જુદા-જુદા વિકલ્પોનો અમલ કરો.

30. ગેસ્ટ સેશનને શરૂ કરો. હોમ ફોલ્ડર ખોલો. વિન્ડોનો ટાઇટલબાર તપાસો. કન્ટેક્સ્ટ મેનૂનો ઉપયોગ કરી હોમ ફોલ્ડરમાં એક ખાલી ફાઇલ બનાવો. હવે, લૉગઆઉટ કરો. ફરી લોગ-ઇન કરી તપાસો કે પેલી ફાઇલ હજી તે સ્થાને છે કે નહિ.

31. ડેસ્કટોપ પર લૉન્ચર મૂકો. જુઓ કે તેની ફાઇલ હોમ-ડિરેક્ટરીના Desktop ફોલ્ડરમાં દેખાય છે કે નહિ. તે ફોલ્ડરમાંથી ફાઇલને પસંદ કરી, Delete કી દબાવી કાઢી નાખો. ડેસ્કટોપ પર ફરી જુઓ.

32. તમારા હોમ-ફોલ્ડરમાં એક ખાલી ફાઇલ બનાવો. તેને દૂર કરો. ટ્રેશમાં તેને શોધી ફરી મૂળ સ્થાને લાવો. ફરી એ ફાઇલને દૂર કરી ટ્રેશ ખાલી કરો.

33. જુદી-જુદી વર્કસ્પેસમાં જુદા-જુદા વિનિયોગ ખોલો. કી-બોર્ડ અને માઉસની મદદથી વર્કસ્પેસ બદલો.

**34.** એક જ વર્કસ્પેસમાં વધુ વિનિયોગો ખોલો. હવે, કી-બોર્ડ અને માઉસની મદદથી વર્કસ્પેસ બદલો. જો Extra અસર ચાલુ રાખેલી હોય, તો તેનાથી મળતો તફાવત અનુભવો.

**35.** હાલમાં ચાલુ હોય તેવા વિનિયોગોને આગળની તરફ તથા પાછળની તરફના ક્રમમાં ખોલીને જુઓ.

**36.** તમારી સિસ્ટમમાં આવેલ વિન્ડો બટન્સનાં સ્થાન અને ક્રમની નોંધ કરો.

## શિક્ષકો માટે નોંધ

- વિદ્યાર્થીઓ શક્ય હોય ત્યાં સુધી કમ્પ્યૂટર લૅબ છોડતાં પહેલાં Preferencesમાં કરેલા સુધારા પુનઃ મૂળ સ્વરૂપમાં લાવે તે અપેક્ષિત છે.
- * નિશાની ધરાવતા સ્વાધ્યાય વિદ્યાર્થીઓને પ્રયાસ કરવા આપવાને બદલે શિક્ષક પોતે દર્શાવે તે ઇચ્છનીય છે.
- GNOME ડેસ્કટોપનો દેખાવ અનુકૂળતા મુજબ ગોઠવવો. આ પેટાવિભાગમાં આવેલ વિશિષ્ટ અસરોની યાદી વિદ્યાર્થીઓને માત્ર Linux GUIની આકર્ષક દર્શનીયતા અને સક્ષમતા દર્શાવવા માટે છે. તેનો પરીક્ષાનાં પ્રશ્નપત્રોમાં સમાવેશ કરવો નહિ.

◆